ગ્રીન હાઉસ પદ્ધતિ નિષ્ફળ ગઈ હોવાની રજુઆત : ભારતીય કિસાન સંઘ સરકારમાં રજુઆત કરશે

ગાંધીનગર, તા. ૧૩

ઉત્તર ગુજરાતમાં ૯૫ ટકા જેટલા ગ્રીન હાઉસો નિષ્ફળ ગયા હોઈ ખેડૂતોને દેવા માફી આપવાની માંગણી ભારતીય કિસાન સંઘ દ્વારા કરવામાં આવી છે.

ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂત સંમેલન યોજવામાં આવ્યું હતું. રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ ગ્રીન હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોએ બનાવેલ ગ્રીન હાઉસ પ્રોજેક્ટોનો એક સર્વે કરવામાં આવ્યો હતો.

આ અંગેની વિગતો આપતા એક ખેડૂત આગેવાને જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ખેડૂતોને જે ગ્રીન હાઉસનો પ્રોજેક્ટો આપ્યા છે તે પ્રોજેક્ટોની ટ્રાયલ લીધા વગર આપવામાં આવ્યા હતા. જેના કારણે આજે રાજ્યમાં જે ખેડૂતોએ ગ્રીન હાઉસના પ્રોજેક્ટો બનાવ્યા હતા તે પૈકીના અંદાજે ૯૫ ટકા ગ્રીન હાઉસો નિષ્ફળ જતાં ખેડૂતોને ભારે નુકસાન થવા પામ્યુ છે.

ગ્રીનહાઉસને સ્પર્શતા કેટલાક પ્રશ્નોને કારણે આ પ્રોજેક્ટો નિષ્ફળ ગયા છે. જેના કારણે ગ્રીન હાઉસ કરનાર ખેડૂતોને ત્યારે નુકશાન થતાં આ અંગે આ ખેડૂતો દ્વારા ભારતીય કિસાન સંઘ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ભારતીય કિસાન સંઘ પણ આ મુદ્દે રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરી દેવા માફી અંગેની માંગણી કરનાર હોવાનું જાણવા મળે છે.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

વોર્ડ-૨ બીજેપી યુવા મારચાએ સફાઈ કરી

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સફાઈ અભિયાનની અપિલને વોર્ડ નં. ૨ બી.જે. પી. યુવા મોરચાએ સમર્થન આપ્યું છે. સેક્ટર-૨૯માં આવેલ રંગમંચની આજુબાજુના વિસ્તારમાં ઉગી નિકળેલી બિન જરૂરી વનસ્પતિ અને રોડ સાઈડમાં પડેલ કચરાને દૂર કર્યો હતો. મોરચાના કાર્યકર્તાઓએ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું. અને હજુ પણ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. આ શ્રમયજ્ઞમાં બિમલ બ્રહ્મક્ષત્રિય, ધર્મેશ રથવી, શ્રેયાંશ રબારી, ભૌમિક બ્રહ્મક્ષત્રિય, હરદિપ ગઢવી, લલીત રાઘવ, શિવરાજસિંહ સોલંકી જોડાયા હતા.

મંત્રી કાર્યાલયનો સ્ટાફ દિવાળી કાર્ડ વિકાસ કાર્યોની પુસ્તિકા તૈયાર કરવામાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૩

મંત્રીઓ પ્રવાસમાં છે તો મંત્રી કાર્યાલયનો સ્ટાફ દિવાળી કાર્ડ અને સરકારની કામગીરીની પુસ્તિકા તૈયાર કરવામાં વ્યસ્ત બન્યો છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દિવાળીના તહેવારોની શુભેચ્છા પાઠવવા મંત્રીઓ દ્વારા તેમના મતવિસ્તારના મતદારોને પાઠવવામાં આવતા દિવાળી કાર્ડમાં શુભેચ્છાઓ સાથે સરકારની સિદ્ધિઓ દર્શાવતી પુસ્તિકાઓ આપવાની સૂચનાઓ મંત્રીઓને આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ દિવાળીના તહેવાર આડે હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે મંત્રીઓના મત વિસ્તારમાં કરવામાં આવેલા વિકાસ કાર્યો અને તેમના વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરી અને મેળવેલી સિદ્ધિઓની વિગતો દર્શાવતી પુસ્તિકાઓ તૈયાર કરવાની કામગીરીમાં મંત્રીઓના કાર્યાલયના કર્મચારીઓ વ્યસ્ત બન્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ દરેક મંત્રીઓએ દિવાળી કાર્ડ સાથે આ પુસ્તિકાઓ પણ મોકલવાની રહેશે. આમ દિવાળી કાર્ડ સાથે સરકારની કામગીરી અને મેવેલી સિદ્ધિઓ આમ પ્રજા સુધી પહોંચાડવામાં આવશે.

ધોરણ-૧ થી ૮માં એમસીક્યુ પદ્ધતિ ટૂંકમાં અમલી બનશે

પરિપત્ર જારી કરી તમામ જિલ્લાઓમાં આવેલી સ્કુલોને સૂચના આપવામાં આવી : નવા આયોજન ઉપર વિચારણા

અમદાવાદ, તા.૧૩

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧ થી ૮ની પરીક્ષાઓમાં એમસીક્યુ આધીરીત પરીક્ષા પદ્ધતિ દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગના નિયામકે સત્તાવાર પરિપત્ર જારી કરી ધોરણ-૧ થી ૮માં પરીક્ષામાં એમસીક્યુ આધારીત પ્રશ્ન પુછવા તમામ જિલ્લામાં સૂચના આપી દેવામાં આવી છે.

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧ થી ૮માં એમસીક્યુ આધારીત પરીક્ષા પદ્ધતિનો તમામ જિલ્લામાં એક સાથે અમલ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગના નિયામક આરબી પુરોહીતે જણાવ્યું હતું કે પ્રાથમિક શાળાઓને ધોરણ-૧ થી ૮ની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને ઓબ્જેક્ટીવ પ્રશ્નો, જોડણી સહિત એમસીક્યુ ટાઈપના પ્રશ્નો પુછવા સૂચના આપવામાં આવી છે.

પરીક્ષા લેવાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે ગંભીર થાય છે પરંતુ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં સારી રીતે પ્રદર્શન કરી શકે તે માટે નવો પરિપત્ર જારી કરાયો છે. જેનો રાજ્યની તમામ સરકાર અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ફરજીયાત અમલ કરવાનો રહેશે. આ ઉપરાંત દરેક શાળાએ ધોરણ-૩ થી ૮નું સત્તાવાર અભ્યાસક્રમમાંથી મુલ્યાંકન કરવાનું રહેશે. એક સત્રનો અભ્યાસક્રમ બીજા સત્રમાં પુછી શકાશે નહીં. આ ઉપરાંત ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગના પરિપત્રમાં જણાવ્યા પ્રમાણે ધોરણ-૩ થી ૭ના વર્ષાંતે અપાતા પ્રગતિપત્રકમાં માત્ર ગ્રેડનો ઉલ્લેખ કરવાનો રહેશે જ્યારે ધોરણ-૮ના પ્રગતિપત્રકમાં ગુણ અને ગ્રેડ બંનેનો ઉલ્લેખ કરવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે પ્રાથમિક શાળાઓમાં લાંબા સમયથી એમસીક્યુ આધારીત પ્રશ્નપત્ર અંગે વિચારણા ચાલી રહી હતી તેને હવે મંજુરી મળી ગઈ છે.

'ઈરમા એજ્યુકેશન' દ્વારા એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓને વિદાયમાન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની સંસ્થા 'ઈરમા એજ્યુકેશન'ના માધ્યમથી ફિલિપાઈન્સમાં એમ.બી. બી. એસ.નો અભ્યાસ કરવા તાજેતરમાં ૧૫ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીઓને અમદાવાદ એરપોર્ટ પર વિદાયમાન અપાયું હતું. આ ૧૫માં ત્રણ પેરન્ટ્સ તથા ૧૨ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનો સમાવેશ થાય છે, જેમને ફિલિપાઈન્સમાં ઈરમાની સવલતો જાતે તપાસવા માટે ઈરમા દ્વારા લઈ જવાયા છે. તા. ૧૨મીને રવિવારે સાંજે 'ઈરમા એજ્યુકેશન'ના સ્ટાફ તથા અધિકારીઓ તરફથી આ ભાવિ તબીબોને વિદાયમાન અપાયું હતું.

ચાલુ ઑક્ટોબર માસમાં તાજેતરમાં બે ગ્રુપમાં વિદ્યાર્થીઓ ફિલિપાઈન્સ જઈ ચૂક્યા છે અને તેમની સાથે તેમનાં માતા-પિતા પણ જોડાયાં છે. જે માતા-પિતા-વાલીઓને ઈરમાએ ફિલિપાઈન્સમાં ઊભી કરેલી સવલતો નજરોનજર જોવી-તપાસવી હોય તેમને ફિલિપાઈન્સ લઈ જવાની સવલત ઈરમાએ ઊભી કરી છે. તમામ વિદ્યાર્થીઓ તથા તેમનાં વાલીઓએ અમદાવાદ એરપોર્ટ પરથી ફિલિપાઈન્સ જતી વખતે 'ઈરમા એજ્યુકેશન'માં તથા તેના સીઈઓ શ્રી પ્રવાકર શાહ તેમજ ડાયરેક્ટર શ્રીમતી આયુષ્મા રાણા પ્રત્યે સંપૂર્ણ ભરોસો વ્યક્ત કર્યો હતો. પોતાની દીકરી દિશાને એરપોર્ટ પર મૂકવા આવેલાં માતા-પિતા વર્ષાબહેન તથા રાજેશભાઈએ 'ઈરમા એજ્યુકેશન' ઉપર સંપૂર્ણ ભરોસો વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે અમે દીકરીને ડૉક્ટર બનવા મૂકી છે અને તેને 'ઈરમા એજ્યુકેશન' જરૂર ડૉક્ટર બનાવશે. વળી, ઈરમા દ્વારા ફિલિપાઈન્સમાં ગુજરાતી ભોજન માટે ખાસ રસોઈયાની વ્યવસ્થા કરી છે એટલે ત્યાં જમવાની પણ કોઈ સમસ્યા નથી જણાતી.

પોતાની દીકરી શાશ્વતીને

'ઈરમા એજ્યુકેશન' દ્વારા ફિલિપાઈન્સમાં મૂકીને અમદાવાદ પરત ફરેલા સી.એ. શ્રી જ્ઞાનેશ દિવેટિયાએ જણાવ્યું હતું કે, દીકરીને વિદેશ મોકલતી વખતે ઘણી બધી બાબતો તપાસવી પડે છે તેથી પોતે પત્ની તથા દીકરી સહિત ખુદ ફિલિપાઈન્સ જઈ આવ્યાં અને ત્યાં બધું જ સંતોષજનક લાગ્યું છે. ખાસ કરીને છોકરીઓની સલામતીનો મુદ્દો ઘણો ઉત્તમ રીતે ફિલિપાઈન્સમાં જળવાય છે, તેમ તેમણે કહ્યું. તેમણે કહ્યું કે, ફિલિપાઈન્સમાં ઈરમાના લીધે છોકરીઓને ખૂબ જ સરળતા રહે છે. જોકે તેમણે ખોરાકની બાબતમાં વધારે સજાગતા કેળવવા માટે ઈરમાતંત્રને સૂચન કરતાં કહ્યું હતું કે 'ઈરમા એજ્યુકેશન' ઉપર પોતાને સંપૂર્ણ વિશ્વાસ છે. પોતાના પુત્ર નિસર્ગને ફિલિપાઈન્સ ખાતે એમ.બી.બી.એસ.માં મૂકીને પરત આવતાં શ્રી ગણેશભાઈ ચૌધરીએ ફિલિપાઈન્સમાં ઈરમાના નેટવર્કની ભારોભાર પ્રશંસા કરી અને કહ્યું કે, ત્યાં આપણાં બાળકો સલામત છે અને તેમને ત્યાં મૂકીને આવવાની કોઈ ચિંતા નથી. ત્યાં આયુષ્માબહેન ખૂબ જ ઉત્તમ સંચાલન કરી રહ્યાં છે. સિનીયર ગ્રૂપ તરફથી નવા વિદ્યાર્થીઓને ત્યાં કોઈ સમસ્યા નથી, બલકે મદદ અને સહકારની ભાવના છે. શિહોરીથી પોતાના દીકરા યશને મૂકવા ફિલિપાઈન્સ જઈ રહેલા શ્રી રાજેશભાઈએ જણાવ્યું કે, ઈરમાની તમામ ફેસિલિટી ઉત્તમ છે. તેમણે ઉમેર્યું કે, 'ઈરમા એજ્યુકેશન' દ્વારા દરેક સમસ્યાનું ઝડપથી નિરાકરણ લાવી દેવામાં આવે છે, તમામ પ્રશ્નમાં સમજણ આપવામાં આવે છે.

પોતાનાં સંતાનોને ફિલિપાઈન્સ મૂકીને પરત અમદાવાદ આવેલાં માતા-પિતા-વાલીઓનો આવકાર 'ઈરમા એજ્યુકેશન'ના આંતરરાષ્ટ્રીય વડા શ્રી પ્રવાકર શાહે કર્યો હતો. 'ઈરમા એજ્યુકેશન' માતાની જેમ બાળકોને સંભાળે છે. ઈરમા મધર બને છે, ચીટર નહિ. થોડા સમય પૂર્વે 'ઈરમા એજ્યુકેશન' વિશે થયેલા બકવાસ અંગે તેમણે ફોડ પાડતાં જણાવ્યું કે, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ 'ઈરમા એજ્યુકેશન' સાથે જોડાઈ રહ્યા છે તે જ સાબિત કરે છે કે ઈરમા કેટલી લોકપ્રિય સંસ્થા છે, કેટલી ભરોસેમંદ કન્સલ્ટન્સી છે. તેમણે ઉમેર્યું કે, અમે સાવ ટીનેજર છોકરા-છોકરીઓને વિદેશ લઈ જઈએ છીએ ત્યારે તેઓ અંધારામાં ન પડે તે અમારે જોવાનું હોય છે.

સરસપુરમાં લઘુ એકમોને બચાવવા ઉગ્ર રજુઆત થશે

અમદાવાદ, તા. ૧૩

રામકુમાર મિલ કમ્પાઉન્ડ ફેક્ટરી ઓનર્સ એસોસીએશનનાં પ્રમુખ શ્રી કનુભાઈ પંચાલ અને શ્રી રમેશભાઈ શાહ એક નિવેદનમાં જણાવ્યું છે કે, કમ્પાઉન્ડનો કબ્જો યેનકેન પ્રકારે મેળવવા વહીવટદારે પાણી, સ્ટ્રીટલાઈટ અને સિક્યોરીટી વ્યવસ્થા બંધ કરતાં ૭૦ જેટલા નાના અને લઘુ એકમો માળખાકીય સુવિધાઓ અને સલામતીનાં અભાવે પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે અને કારખાનાઓ બંધ થવાનો ભય ઉભો થયો છે. કમ્પાઉન્ડમાં એકમોની સુરક્ષા, કામદારોની રોજગારી અને માળખાકીય સુવિધાઓના પ્રશ્નોની રજુઆત કરવા એસોસીએશનનાં હોદ્દેદારો અને સભ્યો રાજ્યનાં ઉદ્યોગમંત્રી , શ્રમ અને રોજગાર મંત્રી અને અમ્યુ. કમિશનરશ્રીને મળી એક આવેદન પત્ર આપશે.

૩૦ ટકા અનામતના બદલે મહિલાને ૩૩ ટકા અનામત

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહિલા સશક્તિકરણના અભિગમને વધુ વ્યાપક સ્તરે વિસ્તારવાના હેતુથી તેમજ મહિલાઓ રાજ્ય સરકારની નોકરી અને જાહેર વહીવટમાં મહત્વનો ભાગ લઈ શકે તે માટે રાજ્યની તમામ સેવાઓ અને જગ્યાઓમાં વધુ ૩ ટકાનો મહિલા અનામત રાખવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીઓ આરોગ્ય મંત્રી નિતીન પટેલ અને નાણાંમંત્રી સૌરભ પટેલે મુખ્યમંત્રીના આ ઐતિહાસિક નિર્ણયની ભૂમિકા આપી હતી. પ્રવક્તા મંત્રીઓએ કહ્યું કે હાલ રાજ્ય સરકારની સેવાઓમાં મહિલાઓ માટે ૩૦ ટકા અનામત છે તેમાં મુખ્યમંત્રીએ ૩ ટકાનો વધારો કરતાં હવે મહિલા અનામત ૩૩ ટકા રહેશે. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીનું ગૌરવ પદ પ્રાપ્ત આનંદીબેન પટેલના નેતૃત્વની પ્રવર્તમાન સરાકરે મહિલા સશક્તિકરણ માટેની ઝુંબેશ ઉપાડી છે અને રાજ્ય સરકાર દ્વારા કન્યા કેળવણીને વ્યાપક પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. મુખ્યમંત્રીએ ગુજરાત મુલ્કી સેવા (મહિલાઓ માટે અનામત જગ્યાઓ) નિયમ ૧૯૯૭માં મહત્વનો સુધારો કરીને મહિલા અનામતની આ ટકાવારી ૩૦ ટકાના સ્થાને વધુ ૩ ટકા એટલે કે ૩૩ ટકા કરવાનું મહિલા સશક્તિકરણ ક્ષેત્રે મહત્વનું કદમ ઉઠાવ્યું છે.

સેમેસ્ટર-૩ઃ રસાયણ વિજ્ઞાનનું પેપર સરળ રહેતા રાહત થઈ

વિદ્યાર્થીઓની અપેક્ષાઓ કરતા પણ એકદમ સરળ પેપર રહ્યું : ગણિતના પેપરમાં ૪૦ માર્ક્સના પ્રશ્નો મુશ્કેલ હતા

અમદાવાદ, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલ ધોરણ-૧૨ સાયન્સની સેમેસ્ટર-૩ની પરીક્ષામાં આજે રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર હતું. આ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓની ધારણા કરતાં પણ એકદમ સરળ નીકળતા વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ખુશખુશાલ બની ગયા હતા. તો બીજી બાજુ સેમેસ્ટર-૧માં ગુજરાતીનું પેપર પ્રમાણમાં સરળ પરંતુ લેન્ધી રહ્યું હોવાનું વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧મી ઓક્ટોબરથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ અને ૩ની પરીક્ષા શરૂ થઈ હતી. પરીક્ષાના પ્રથમ દિવસે જ જીવવિજ્ઞાનનાં પેપરમાં પાંચ માર્કસના ટ્વીસ્ટર્ડ અને ગણિત વિષયની પરીક્ષામાં ૪૦ માર્કસથી વધુનાં પ્રશ્નો ટ્વીસ્ટર્ડ કરીને પૂછાતા વિદ્યાર્થીઓ અને વાલીઓ મુઝવણમાં મુકાઈ ગયા હતા. જો કે આજે પરીક્ષાના બીજા દિવસે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૩માં રસાયણ વિજ્ઞાનનું પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓની અપેક્ષા કરતાં પણ એકદમ સરળ નીકળતા વિદ્યાર્થીઓ વર્ગખંડમાં જ ઝુમી ઉઠ્યા હતા જ્યારે વિદ્યાર્થીઓને વર્ગખંડની બહાર ખુશખુશાલ ચહેરા સાથે નીકળતા જોઈને તેમના વાલીઓએ પણ ઘણી રાહત અનુભવી હતી. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ સમગ્ર પ્રશ્નપત્ર પાઠ્યપુસ્તક પર આધારીત હતું. પ્રશ્નપત્રમાં સહેજ પણ ભુલ નથી જ્યારે બીજી બાજુ સેમેસ્ટર-૧ની પરીક્ષામાં ગુજરાતી પેપર પણ પ્રમાણપત્ર સરળ પરંતુ લેન્ધી રહ્યું હોવાનું વિદ્યાર્થીઓએ અનુભવ્યું હતું. બીજી બાજુ આજે બોર્ડની પરીક્ષા દરમિયાન સતત બીજા દિવસે એક પણ કોપી કેસ ન નોંધાતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. હવે વિદ્યાર્થીઓને આગામી બે દિવસ પેપર ન હોવાથી વિદ્યાર્થી પણ રાહતનાં મુડમાં જણાતા હતા.

શબ્દાવલી - ૫૫૩૨

૧		૨	૩	■	૪	૫	૬
	■	૭		૮	■	૯	
	■	૧૦			૧૧	■	
■	૧૨	■	■	૧૩		૧૪	■
૧૫		૧૬		■	૧૭		■
■	૧૮		■	૧૯			■
૨૦	■	■	૨૧		■	■	૨૨
૨૩			■	૨૪			

આડી ચાવી

૧. પથ્થર પર લખાયેલ લેખ(૪)
૪. બહેન દ્વારા ભાઇને કાંડે બંધાય (૩)
૭. લાંબી ડોકવાળુ ચોપગુ પ્રાણી (૩)
૯. શરીર (૨)
૧૦. પુષ્કળ, અઢળક (૪)
૧૩. કલેશ, કંકાસ (૩)
૧૫. શહીદ થવું તે, શાહેદી (૪)
૧૭. અવાજ (૨)
૧૮. જમ (૨)
૧૯. હવા, વાયરો (૩)
૨૧. ઉત્સવ, પ્રસંગ (૨)
૨૩. નોકર-ચાકર (૩)
૨૪. ડર, ભીતી, ત્રાસ (૪)

ઊભી ચાવી

૧. લાજ, ઇજ્જત (૩)
૨. કસરત, કરવાનું એક સાધન (૩)
૩. ગંદુ, બગડેલુ (૩)
૫. કાપડ પર સફેદ પદાર્થથી થતી ડિઝાઇન (૨)
૬. ધંધાની ડીલ કરનાર (૩)
૮. આકાશ, સ્વર્ગ (૩)
૧૧. કલશોર, બાલકોનો મૃદુ અવાજ (૪)
૧૨. મદદ (૩)
૧૪. યજ્ઞ, હોમ... (૩)
૧૬. શ્વાસનો રોગ (૨)
૧૯. પહાડ, શિખર (૩)
૨૦. ચોટલી (૨)
૨૨. એક વાનગી (૨)

શબ્દાવલી ૫૫૩૧ના જવાબ

આડી ચાવી :- (૧) શિરસ્તો (૩) તબદીલી (૭) બારદાન (૮) પાજી (૧૦) શાહી (૧૧) વજીફો (૧૪) ઐતિહાસિક (૧૬) વિષાદ (૧૮) ડીલર (૧૯) મજાલ (૨૧) દફન (૨૨) લોભ

ઊભી ચાવી :- (૧) શિરપાવ (૨) સ્તોત્ર (૩) તબાહી (૪) બર (૫) દીદાર (૬) લીન (૯) જીજીવિષા (૧૨) કુહાડી (૧૩) સીકર (૧૫) સિલસિલો (૧૬) વિવાદ (૧૭) દમન (૨૦) લજ્જા

તહેવાર પેશગીમાં એક હજારનો થયેલ વધારો

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્ય સરકારના વર્ગ-૪ના કર્મયોગીઓ દિવાળીના તહેવારો આનંદ ઉલ્લાસથી ઉજવી શકે તે હેતુસર હાલની પેશગીની મર્યાદામાં રૂા. ૧૦૦૦નો વધારો કરી તેમાં કોઈપણ જાતના પગારની મર્યાદા વિના આ પેશગી રૂા. ૩૦૦૦ કરવાનો નિર્ણય કર્યો છે.રાજ્ય સરકારના વિવિધ કર્મચારી મંડળોદ્વારા વર્ગ-૪ના સામાન્ય કર્મચારીને આ પેશગીની મર્યાદા વધારવા માટે અવાર-નવાર કરવામાં આવેલી રજુઆતો પ્રત્યે સહાનુભૂતિપૂર્વક પ્રતિભાવ આપતા આનંદીબેન પટેલે આ વર્ષે તહેવાર પેશગીમાં રૂા. ૧૦૦૦નો વધારો જાહેર કર્યો છે. આના પરિણામે વર્ગ-૪ના કર્મયોગીઓને તહેવાર પેશગી રૂા. ૩૦૦૦ મળશે. આ પેશગી કોઈપણ પ્રકારના વ્યાજ વિના ૧૦ સરખા માસિક હપ્તામાં વસુલ કરવામાં આવશે.

કટોકટીના સમયે અપાતી સારવારની સમાજમાં ભૂમિકા અને અસર તથા ભારતીય પરિપ્રેક્ષ્યમાં જીવનના અંતના મુદ્દા અંગે પરિસંવાદ

ક્રિટિકલ કેર મેડિસિન એ તબીબી શાખાની એક અત્યંત મહત્વની શાખા છે. દેશભરમાં પ્રતિષ્ઠા ધરાવતી રાષ્ટ્રીય સંસ્થા ઈન્ડિયન સોસાયટી ઓફ ક્રિટિકલ કેર મેડિસિન (આઈએસસીસીએમ) હેઠળ કેટલાંક ઉચ્ચ તાલીમ ધરાવતા વ્યાવસાયિકો ક્રિટિકલ કેર મેડિસિનના ક્ષેત્રમાં કાર્યરત છે. આઈએસસીસીએમ અમદાવાદ દ્વારા તેના સભ્યો અને આઈસીયુ સાથે સંકળાયેલા ડોકટર્સ ઉપરાંત સમુદાયના લોકોમાં સમયસર હસ્તક્ષેપ દ્વારા જીવ બચાવવાની કામગીરીમાં ક્રિટિકલ કેર મેડિસિનના મહત્વ અંગે જાગરુકતા ફેલાવવા માટે નિયમિત અંતરાળ દરમિયાન વિવિધ સીએમઈ/કાર્યશિબિરો/કોન્ફરન્સિસનું આયોજન કરવામાં આવે છે. કટોકટીના સમયે ગોલ્ડન અવર્સ માં શું કરવું તે અંગેની જાણકારી તથા સમયસર લક્ષ્ય આધારિત સારવારની મદદથી જીવ બચાવવામાં સફળતા મળે છે. આવી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે વ્યાપક, સઘન અને સતત તબીબી સંભાળની જરુર રહે છે. ક્રિટિકલ કેર એ તબીબી શાખાની સૌથી આધુનિક શાખા છે જેમાં કટોકટરીભરી સ્થિતિના નિદાન તથા સારવાર માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે.

મણિનગર વોર્ડ પેટાચૂંટણી બાદ આજે પરિણામ જાહેર

૧૦ નગરપાલિકાની ૧૧ બેઠકો, ૩ જિલ્લા પંચાયતોની ૪ બેઠક,૧૮ તાલુકા પંચાયતની ૨૬ બેઠકોનું પરિણામ

અમદાવાદ, તા.૧૩

રાજ્યની ચૂંટણી આયોગે અમદાવાદ મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૪૬ની અને ૯ જિલ્લાની ૧૧ નગરપાલિકાઓની ૧૩ ખાલી પડેલ બેઠકોની, ૪ જિલ્લા પંચાયતોની ૪ ખાલી પડેલ બેઠકોની તેમજ ૧૫ જિલ્લાની ૨૧ તાલુકાની ૨૯ ખાલી બેઠકોની પેટા ચૂંટણી યોજવા કાર્યક્રમ જારી કરેલ. આ પેટા ચૂંટણીઓ પૈકી ઓખા નગરપાલિકાના વોર્ડ નંબર ૧ની અને જંબુસર નગરપાલિકાના વોર્ડ નંબર ૭ની એમ મળી કુલ બે બેઠકો બિન હરિફ થયેલ છે. મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકા પંચાયતની ૧૩ માખળીયા અને મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકા પંચાયતની ૬૨ સુદાસણાની એમ મળી કુલ બે બેઠકો બિન હરીફ થયેલ છે જ્યારે બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકા પંચાયતની ૧ અબાસણા બેઠક માટે કોઈ ઉમેદવારનું ફોર્જ રજુ થયેલ નથી.

કાર્યક્રમ અનુસાર તા. ૧૨-૧૦-૧૪ના રોજ સવારના ૭:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી થયું હતું. ચૂંટણી હેઠળની સંસ્થાઓનું મતદાન વીજાણુ મતદાન યંત્રો દ્વારા કરવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએથી મળેલ પ્રાથણિક અહેવાલ મુજબ અમદાવાદ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૪૬ની એક બેઠકની પેટા ચૂંટણીમાં ૩૨.૨૭ ટકા, ૧૦ નગરપાલિકાઓમાં ૧૧ બેઠકોની પેટાચૂંટણીમાં ૪૫.૯૪ ટકા, ૪ જિલ્લા પંચાયતોની ૪ બેઠકો માટેની પેટા ચૂંટણીમાં ૪૨.૭૫ ટકા અને ૧૮ તાલુકા પંચાયતોમાંની ૨૬ બેઠકોની પેટાચૂંટણીમાં ૫૫.૩૨ ટકા મતદાન થયાના અહેવાલ મળેલ છે. મત ગણતરી આવતીકાલે તા. ૧૪-૧૦-૧૪ના રોજ હાથ ધરવામાં આવશે. વિજાણુ મતદાન યંત્રોથી ચૂંટણી થયેલ હોવાથી બપોર સુધીમાં પરિણામો જાહેર થવાની સંભાવના છે.

કાર્યક્રમમાં અવ્યવસ્થા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હોવાથી સાંજે ૫ વાગ્યાથી જ સ્થળ પર યુવાવર્ગની ભીડ જામી હતી. બીજી તરફ હોલની ક્ષમતા કરતા વધુ પાસનું વિતરણ કરવામાંઆવ્યું હતું. પાસ હોવા છતાં ફીલ્મી ચાહકોને પ્રવેશ અપાયો ન હતો જેના પરિણામે મોટી સંખ્યામાં ઉપસ્થિત નગરજનો રોષે ભરાયા હતા. કાર્યક્રમ દરમિયાન પણ ધક્કા મુક્કી વચ્ચે નબળી વ્યવસ્થા છતી થતી હતી. દિલ સે નચલે ઈન્ડીયાવાલે નો ઓડીશન શો રાત્રિના મોડે સુધી ચાલ્યો હતો જેના પરિણામે કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્રએ પણ ખડે પગે રહેવું પડયું હતું. જો કે પોલીસ પ્રવેશના લીધે કોઈ અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો પરંતુ કાર્યક્રમ દરમિયાન અંદર અને બહાર ભારોભાર અવ્યવસ્થા સર્જાતા આયોજનની દૃષ્ટિએ સઘળું રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. શરૂઆતના તબક્કે રોષે ભરાયેલા નાગરિકોએ હોબાળો પણ મચાવ્યો હતો.

આત્મવિલોપનનો પ્રયાસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિભાગોમાં ફરી છે પરંતુ સરકારી વિભાગના અધિકારીઓ તમામ ફાઈલો અભરાઈએ મુકી દીધી છે. આથી વારંવારની માંગ અરજીને લઈ કંટાળી ગયેલા ખેડૂતે આજે ગાંધીનગર કલેક્ટર કચેરીએ આવી આત્મવિલોપન કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે સેક્ટર-૭ પોલીસે ઘટનાસ્થળે આવી ખેડૂતને આત્મવિલોપન કરતા અટકાવી તેની અટકાયત કરી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉમેદવારોમાં રાહત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જાહેરાત થાય ત્યાં સુધી થોડાક દિવસો માટે બ્રેક મળી ગયો હોવાથી મનનો ભાર હળવો થયાની લાગણી અનુભવી હતી. આ પરીક્ષાઓ તમામ કેન્દ્રો પર શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી.

ગુજરાત જાહેર સેવા આયોગની આ પરીક્ષાઓ માટે ઘણા ઉમેદવારોએ છેલ્લા ચાર-પાંચ માસથી આકરી તૈયારીઓ હાથ ધરી હતી. જેમાં કલાસીસથી માંડીને જનરલ નોલેજ માટે જ્યાંથી મળે ત્યાંથી માહિતી મેળવવા અને ભાષાઓ તેમજ ગણિતના પેપર માટે પ્રેકટીસ વર્કમાં અથાગ મહેનતનો વણથંભ્યો દોર ચલાવ્યો હતો. જેમાંથી હાલ તેમને રાહત મળી છે અને હળવાશના દિવસો આવ્યા છે તેવુ તેમના ચહેરા પર સ્પષ્ટ જણાઈ આવી રહ્યું છે.